**Publication** : Sandesh

**Date** : Saturday, August 14, 2010

**Edition** : Ahmedabad

**Page** : 15

# જીવંત લીવરનું ટ્રાન્સપ્લાન્ટેશન



એપોલો હોસ્પિટલ ખાતે જીવંત લીવરનું ટ્રાન્સપ્લાન્ટેશનનો પહેલો કિસ્સો નોંધાયો છે. લીવરની બીમારીથી પીડાતા સુનીલ પટેલને એમની પત્નીએ લીવરનો થોડો ભાગ આપ્યો છે. ચીફ લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. ચિરાગ દેસાઈએ આ માહિતી આપતા જણાવ્યું કે ૪૭ વર્ષના સુનિલ પટેલ છેલ્લા તબક્કાની લીવરની માંદગીથી પીડાતા હતા. બીમારીમાં દર્દી બહુ વધારે મહિના જીવી શકતો હોતો નથી. તેમને તાકીદે લીવર ટ્રાન્સપ્લાન્ટની સલાહ આપવામાં આવી હતી. ૪૬ વર્ષના તેમનાં પત્ની જીજ્ઞાબેન પટેલનું લોહી તેમના બ્લડગ્રૂપ સાથે મેચ થતું હતું. તેઓ લીવરનો થોડો ભાગ તેમના પતિને ડોનેટ કરવા માટે તૈયાર હતાં. તેમની પર જરૂરી તમામ ટેસ્ટ કરાયા. દાતાના લીવરની સ્થિરતા પણ જોવામાં આવી. આ સર્જરી ૧૬ કલાક ચાલી હતી.